# Visit of Minister of Petroleum and Natural Gas to Kuwait

October 11, 2020

# પેટ્રોલિયમ અને કુદરતી વાયુ મંત્રીની કુવૈતની મુલાકાત

ઓક્ટોબર 11, 2020

કુવૈતનાં ભૂતપૂર્વ અમિર મહામહિમ શેખ સાબાહ અલ-અહમેદ અલ-જાબેર અલ-સાબાહનાં દુઃખદ નિધન પર કુવૈતની આગેવાનીને ભારત સરકાર વતી દિલાસો પાઠવવા 11-12 ઓક્ટોબર 2020 નાં રોજ પેટ્રોલિયમ અને કુદરતી વાયુ મંત્રી શ્રી ધરમેન્દ્ર પ્રધાન કુવૈતની મુલાકાત લેશે. આ મંત્રી કુવૈતની આગેવાની સુધી પહોંચાડવા માટે ભારતનાં માનનિય રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનનાં પત્રો સાથે લઇ જશે.

કુવૈતનાં નવા અમિર તરીકેની જવાબદારીઓ ધારણ કરવા બદલ મહામહિમ શેખ નવાફ અલ-અહમેદ અલ-જાબેર અલ-સાબાહને અને ક્રાઉન પ્રિન્સ તરીકે મહામહિમ શેખ મિશલ અલ-અહમેદ અલ-જાબેર અલ-સબાહને ભારત વતી અભિનંદન પણ પાઠવશે.

કુવૈતનાં ભૂતપૂર્વ અમિર મહામહિમ શેખ સાબાહ અલ-અહમેદ અલ-જાબેર અલ-સાબાહનું 29 સપ્ટેમ્બર 2020 નાં રોજ નિધન થયું હતું. ભારત વતી દિલાસો પાઠવવા 1 ઓક્ટોબર 2020 નાં રોજ વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકરે નવી દિલ્હીમાં સ્થિત કુવૈતનાં દૂતાવાસની મુલાકાત લીધી હતી. ભારતે 4 ઓક્ટોબર 2020 નાં રોજ એક દિવસનો રાષ્ટ્રિય શોક પાળ્યો હતો.

સ્વર્ગસ્થ અમિરની આગેવાની હેઠળ ભારત અને કુવૈતે નજીકનાં અને મૈત્રીપૂર્ણ સંબંધો જાળવી રાખ્યા હતા. તેઓ બન્ને દેશોનાં લોકોનાં પારસ્પરિક ફાયદાઓ માટે દ્વિપક્ષીય જોડાણોમાં માર્ગદર્શન આપવા અને વધારે મજબૂત નાવવામાં એક ખરા મિત્ર અને ભારતનાં શુભચિંતક હતા. કુવૈતમાં દસ લાખ કરતા વધારે ભારતીયો વસવાટ કરે છે અને કામ કરે છે.

બન્ને દેશોએ વિભિન્ન ક્ષેત્રોમાં તેઓનાં ઐતિહાસિક સંબંધોને આગળ લઇ જવાનું ચાલું રાખ્યું છે અને કોવિડ-19 દરમિયાન નજીકનો સહકાર પણ આપ્યો છે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 11, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.